SskK

વાર્ષિક અહેવાલ
૨૦૨૫-૨૬

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર

સમુદાયોનું સશક્તિકરણ
ટકાઉ અને સર્વસમાવેશક
ભવિષ્યનું નિર્માણ





ટકાઉ કૃષિ

પર્યાવરણીય ટકાઉપણું અને આબોહવા સ્થિતિસ્થાપકતા

આજીવિકા અને સશક્તિકરણ

આરોગ્ય અને સુખાકારી

સંશોધન, નીતિ સંવાદ અને જ્ઞાનની વહેંચણી

Together for Sustainable Change

વાર્ષિક અહેવાલ ૨૦૨૫-૨૬



સ્થાપકની કલમેથી



પ્રિય મિત્રો, સહયોગીઓ અને શુભેચ્છકો,

વર્ષ ૨૦૨૫-૨૬માં થયેલ કાર્યની યાદોને વાગોળતા હૃદય ગૌરવ અને કૃતજ્ઞતાથી ભરાઈ જાય છે. જેમાં અમારી સાથે જોડાયેલા સમુદાયો, કાર્યકરો, સ્વયંસેવકો, સહયોગી સંસ્થાઓ અને દાતાશ્રીઓએ સાથે મળીને વધુ ન્યાયસંગત, ટકાઉ અને સંવેદનશીલ સમાજના નિર્માણ માટે સતત પ્રયત્નો કર્યા છે.

આ વર્ષ શીખવા, સંઘર્ષ કરવા અને પરિવર્તન સર્જવાનો વર્ષ રહ્યો છે. અમરેલી, ગીર સોમનાથ, રાજકોટ અને આસપાસના વિસ્તારોમાં ગ્રામ્ય સમુદાયોએ આબોહવા પરિવર્તન, આજીવિકા, આરોગ્ય, શિક્ષણ અને સામાજિક સમાનતા જેવા મુદ્દાઓ સામે એકતાથી કામ કરવાની પ્રેરણાદાયી ઉદાહરણો પૂરાં પાડ્યાં છે. ટકાઉ ખેતી અપનાવતા ખેડૂતો હોય, આત્મનિર્ભરતા તરફ આગળ વધતી મહિલાઓ હોય કે શિક્ષણ અને વિકાસની નવી તકો મેળવનારા બાળકો — દરેક પહેલમાં લોકોની શક્તિ અને સંકલ્પ સ્પષ્ટપણે દેખાયો છે.

SSKK તરીકે અમારો વિશ્વાસ છે કે સાચો વિકાસ ત્યારે જ શક્ય બને છે જ્યારે લોકોમાં જ્ઞાન, ગૌરવ અને તકોનો વિકાસ થાય. ટકાઉ ખેતી, પર્યાવરણ સંરક્ષણ, મહિલા સશક્તિકરણ, આરોગ્ય જાગૃતિ, કૌશલ્ય વિકાસ અને બાળ શિક્ષણ જેવા ક્ષેત્રોમાં અમે સ્થાનિક ક્ષમતાઓને મજબૂત બનાવવા અને લાંબા ગાળાની સ્થિતિસ્થાપકતા વિકસાવવા માટે સતત પ્રયત્નશીલ રહ્યા છીએ.

આ વર્ષ દરમિયાન વિવિધ સમુદાય સંસ્થાઓ, સરકારી વિભાગો, દાતા સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને તળિયાના સ્તરે કાર્યરત સંગઠનો સાથેના સહકારથી અમે અમારા કાર્યનો વ્યાપ અને અસર બંને વધારી શક્યા છીએ. અમારી કામગીરીમાં વિશ્વાસ અને પ્રોત્સાહન આપનાર તમામ સહયોગીઓનો અમે દિલથી આભાર વ્યક્ત કરીએ છીએ.

ગ્રામ્ય સમુદાયો સામેના પડકારો ઝડપથી બદલાઈ રહ્યા છે — આબોહવાની અનિશ્ચિતતા, સ્થળાંતર, આરોગ્યના જોખમો અને સામાજિક-આર્થિક અસમાનતાઓ સામે સામૂહિક પ્રયાસો અને નવીન ઉકેલોની જરૂર છે. એક સંસ્થા તરીકે અમે લોકોની વચ્ચે રહી, તેમની સાથે શીખતા અને સહભાગિતાથી ઉકેલો ઉભા કરવાની અમારી પ્રતિબદ્ધતા યથાવત્ રાખી છે.
હું અમારી સમર્પિત ટીમ, સ્વયંસેવકો, બોર્ડ સભ્યો, ખેડૂતો, મહિલા નેતાઓ, યુવા જૂથો અને સમુદાય સંસ્થાઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. આ વાર્ષિક અહેવાલમાં દર્શાવેલી તમામ સિદ્ધિઓ આપ સૌના સહકાર અને મહેનતનું પરિણામ છે.

ચાલો, વધુ મજબૂત સહયોગ, નવી આશા અને સમાન તથા ટકાઉ સમાજના નિર્માણ માટે વધુ દ્રઢ પ્રતિબદ્ધતા સાથે આગળની સફર ચાલુ રાખીએ.
સાદર,

Dhiraj Vagadia

સ્થાપક નિયામક, SSKK

સંસ્થા વિશે



શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની સ્થાપના ૧૯૮૦ માં યુવાનો અને સમર્પિત એવા સ્વયંસેવકોના જૂથ દ્વારા તે સમયની પ્રવર્તમાન સ્થિતિ તપાસવા માટે કરવામાં આવી હતી. તે સમયે લોકોનું એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર ચલણમાં હતું કારણ કે ખેતી મુખ્ય વ્યવસાય હતો અને દુષ્કાળને કારણે પાણીની અછત હતી. લોકો અભણ હતા અને તેમની આર્થિક સ્થિતિ નબળી હતી. આમ, સ્થળાંતરને રોકવા માટે આ સંસ્થાની સ્થાપના આજીવિકાના વૈકલ્પિક વિકલ્પો પૂરા પાડવા માટે કરવામાં આવી હતી. સ્થાપનાકાળ થી જ આ સંસ્થા લોકોની સ્થિતિ સુધારવા માટે કામ કરી રહી છે.

દ્રષ્ટિ:

એક એવું સ્થાન જ્યાં પ્રકૃતી અને જીવન - ગૌરવ, એકતા અને શાંતિ સાથે ખીલે છે.

ધ્યેય:

ઇકોસિસ્ટમને પુનઃસ્થાપિત કરવા, ટકાઉ પ્રણાલીઓને પ્રોત્સાહન આપવું અને પ્રકૃતિ સાથે એકતા જાળવીને, દરેક માટે શાંતિ અને ગૌરવ સુનિશ્ચિત કરવા.

ઉદ્દેશ્ય

૧ ખેત ઉત્પાદકતા વધારવી, કૃષિમાં ટકાઉ ખેતી પ્રથાઓને પ્રોત્સાહન આપવું, જમીનની તંદુરસ્તી, જળ વ્યવસ્થાપન, ખેડૂત જૂથ તથા સંગઠન પ્રસ્થાપિત કરી અને મહિલા ભાગીદારી વધારવી.

૨ પુન: પ્રાપ્ય ઉર્જા, પાણી વ્યવસ્થાપન, જૈવ વિવિધતા પુન: સ્થાપન સાથે પર્યાવરણીય સરંક્ષણ અને આબોહવા માટે અનુકુળ વ્યૂહરચનાઓને પ્રોત્સાહન આપવું.

૩ મહિલાઓ અને વંચિત જૂથો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને શિક્ષણ , જીવન કૌશલ્ય વિકાસ, આવક નિર્માણ અને આર્થિક સશક્તિકરણ દ્વારા સમુદાયની આજીવિકાને મજબૂત બનાવવી.

૪ આરોગ્ય સંભાળ સેવાઓની પહોંચ વધારી, આરોગ્ય જાગૃતિને પ્રોત્સાહન આપી, પોષણ, સ્વચ્છતા, માનસિક સ્વાસ્થ્ય અને રોગ નિવારણ જેવા મુખ્ય આરોગ્ય પડકારોને સંબોધી સામુદાયિક સ્વાસ્થ્યમાં સુધારો કરવો.

૫ સમાન વિકાસ અને સમુદાય આધારિત ઉકેલોને પ્રોત્સાહન આપવા માટે સંશોધન, નીતિ સંવાદ અને ટકાઉ પ્રથાઓનો પ્રચાર પ્રસાર કરવો.

SSKK's Profile

Legal Status	Registered under society registration Act 1860 & Bombay Public Trust Act 1950
Registration No.	Guj/97/Amreli& F/57/Amreli, 24th Nov. 1980
Income tax (Under Section 12 A)	Approval No. AACTS5105J25AD01 Dated 21/03/2026 (Valid for 2027-28 to 2036-37)
Income tax Exemption (Under Section 80G)	Approval No. AACTS5105J25AD02 Dated 21/03/2026 (Valid for 2027-28 to 2031-32)
FCRA Registration	No.041930004 dated. 6/9/2000 Renewed by MHA for next five years with effect from 01/01/2022 with Ref. no. 0300039692021 dt. 18/12/2021
Permanent Account No.	AACTS5105J
GuideStar India No. (GSN)	556
NGO DARPAN ID.	GJ/2017/0162266 dated 12/09/2017
Undertaking CSR activities	Registration no. CSR00006692 dated 25/05/2021
Registered Office Address	26, Omnagar-3, Behind GIDC, Hanumanpara Road, Amreli – 365601 (Gujarat)
Head Office Address	As above
Auditors	M/S. A.B. Kothiya & Co., Chartered Accountant, Opp. Library, Amreli- 365601
Bankers	**FC Account:** SBI New Delhi Main Branch, 11, Parliament Street, New Delhi-110001 **FC utilization Account / Another account :** Yes Bank Ltd., Shop no. 1 & 2, Ozone solitaire, Science city road, Sola, Ahmedabad-380060 **Non FC Account:** State Bank of India, Lathi road, Amreli – 365601 HDFC Bank, Manekpara, Amreli - 365601 Yes Bank Ltd., Ahmedabad-380060

Memorandum of association, article of association and audit report of the organization are available any time on demand.

કાર્યક્રમો:

૧ ટકાઉ ખેતી

ઉત્તમ કપાસ પહેલ

છેલ્લા ૧૧ વર્ષથી, સંસ્થા ગુજરાત રાજ્યના અમરેલી અને ગીર સોમનાથ જિલ્લાઓમાં કોટનકનેક્ટના સહયોગથી ઉત્તમ કપાસ પહેલ કાર્યક્રમ માટે સ્થાનિક ભાગીદાર તરીકે સેવા આપી રહી છે. અમારા કાર્ય વિસ્તારમાં કપાસએ મુખ્ય હોવાથી સંસ્થા જૈવવિવિધતા અને જમીનનો ઉપયોગ, યોગ્ય કાર્ય, મહિલા સશક્તિકરણ, આબોહવા પરિવર્તન, જંતુનાશકો અને પાક સંરક્ષણ વ્યવસ્થાપન, માટીનું આરોગ્ય, ટકાઉ આજીવિકા અને પાણી વ્યવસ્થાપન જેવા મુખ્ય ટકાઉપણાના મુદ્દાઓ ઉપર કામ કરી રહ્યા છીએ.

પ્રોજેક્ટની વિગતો:

વિગત	વર્ષ ૨૦૨૫-૨૬ની સ્થિતિ
કુલ ઉત્પાદક એકમો (PUs)	૦૫
કાર્યરત જિલ્લાઓ	૨
કાર્યરત તાલુકાઓ	૭
કાર્યરત ગામો	૧૨૬
ખેડૂત શિક્ષણ જૂથો (LGs)	૬૩૮
કુલ ખેડૂતો (પુરુષ અને મહિલા)	૨૨,૨૦૨
કપાસની ખેતી કરતા ખેડૂતો	૨૦,૯૫૭
સિંચાઈની સુવિધા ધરાવતા ખેડૂતો	૨૦,૪૯૦
કપાસનું વાવેતર ક્ષેત્રફળ (હેક્ટર)	૩૫,૧૭૦
સિંચાઈ હેઠળનું ક્ષેત્રફળ (હેક્ટર)	૪૪,૦૯૮
બિનપિયત ક્ષેત્રફળ (હેક્ટર)	૧,૫૨૮
સરેરાશ ઉત્પાદન (કિગ્રા./એકર)	૮૪૧

પ્રવૃત્તિઓ

- ખેડૂતોને કૃષિ સંબંધિત માહિતી આપવા માટે કેલેન્ડરનું વિતરણ.
- મુખ્ય સમસ્યાઓ અને તેનાં મૂળ કારણો ઓળખવા માટે ૧૨૬ ગામોમાં ખેડૂતો સાથે સમૂહ જૂથ ચર્ચા.
- જમીન પરીક્ષણ – ૬૧૪.
- બાયોચારનું નિદર્શન – ૧૨૬
- કુદરતી કૃષિ ઇનપુટ કેન્દ્રો – ૬૬
- ખેડૂત તાલીમ કાર્યક્રમો.
  - તાલીમકારોની તાલીમ (ToT) – ૧: વાવણી પૂર્વેની પ્રવૃત્તિઓ.
  - તાલીમકારોની તાલીમ (ToT) – ૨: વાવણી પછીની પ્રવૃત્તિઓ.
  - તાલીમકારોની તાલીમ (ToT) – ૩: પાકની મધ્ય ઋતુ દરમિયાનની પ્રવૃત્તિઓ.
  - તાલીમકારોની તાલીમ (ToT) – ૪: લણણી અને લણણી પછીની પ્રવૃત્તિઓ.
- ખેતમજૂરો માટે તાલીમ કાર્યક્રમો.
- પુનર્જીવિત કૃષિ પદ્ધતિઓનું નિદર્શન – ૧૨૬.
- જેન્ડર સમિતિની બેઠકો.
- ઉદ્યોગસાહસિકો – ૩૫.
- દીવાલ પોસ્ટર – ૫૦૪.
- અગ્રણી ખેડૂતોની કાર્યશાળા.
- કૃષિ ઇનપુટ કેન્દ્રો – ૧૫.
- જનજાગૃતિ અભિયાન.
- વૃક્ષારોપણ – ૨૨,૨૦૨.
- વિવિધ મહત્વપૂર્ણ દિવસોની ઉજવણી, જેમ કે ફાર્મ દિવસ, કપાસ દિવસ, જળ દિવસ, વિશ્વ માટી દિવસ અને મહિલા દિવસ.
- ગ્રીન કુક સ્ટવ – ૨૩૩.







જૈવ વિવિધતા

અમારા ઉત્તમ કપાસ કાર્યક્રમના એક ભાગ રૂપે સંસ્થાના ફિલ્ડ ફેસીલીટેટરો દ્વારા ઓન ફાર્મ અને ઓફ ફાર્મ મેપીંગ વડે જૈવ વિવિધતા (જીવજંતુ, પશુ, પંખી, વૃક્ષો અને કુદરતી સંપત્તિનું) ચોક્કસ પધ્ધતિથી મેપીંગ કરવામાં આવેલ છે. મળેલ પરિણામોને આધારે પ્રકૃતિનું પુનઃ સ્થાપન કરવા માટે જુદા જુદાપ્રયોગો, પ્રવૃત્તિ, તાલીમનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રક્રિયા આગામી વર્ષે પણ ચાલુ રાખવામાં આવનાર છે. આ ઉપરાંત જૈવ વિવિધતાનું મેપિંગ કરી પાક ફેરબદલી, મિત્ર કીટકોની ઓળખ અને તેની માહિતી જેવી પ્રવૃતિઓથી સમુદાયમાં જાગૃતિ ફેલાવવા પ્રયત્નો થઇ રહ્યા છે.



૨ પર્યાવરણીય ટકાઉપણું અને આબોહવા પરિવર્તન સામે સ્થિતિસ્થાપકતા

ગ્રામીણ સમુદાયોની આત્મનિર્ભરતા અને પડકારોનો સામનો કરવાની ક્ષમતામાં સુધારો

ગુજરાતના રાજકોટ જિલ્લાના ગોંડલ અને કોટડા સાંગાણી તાલુકાઓ આબોહવાની દૃષ્ટિએ સંવેદનશીલ વિસ્તારમાં આવેલા છે. છેલ્લા કેટલાક દાયકાઓ દરમિયાન આ વિસ્તારમાં પર્યાવરણીય દબાણમાં વધારો થયો છે. તેમાં અનિયમિત વરસાદ, લાંબા સમય સુધી વરસાદનો અભાવ, વારંવાર પડતા દુષ્કાળ અને તાજેતરના વર્ષોમાં વાવાઝોડાં જેવી આત્યંતિક હવામાનની ઘટનાઓનો સમાવેશ થાય છે. આબોહવા સંબંધિત આ ફેરફારોએ ખેતીના ઉત્પાદન, પાણીની ઉપલબ્ધતા અને ગ્રામીણ સમુદાયોની આજીવિકાની સુરક્ષા પર નોંધપાત્ર અસર કરી છે.

આ ઊભા થયેલા પડકારોનો સામનો કરવા માટે ગ્રામ પંચાયતોને આબોહવા પરિવર્તન સામે ટકાઉ વિકાસ અને સ્થિતિસ્થાપકતાના નિર્માણમાં નેતૃત્વ પૂરું પાડવા સક્ષમ બનાવવી જરૂરી છે. હાલમાં ગ્રામ પંચાયતો મુખ્યત્વે પાયાની માળખાકીય સુવિધાઓના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેથી, તેમની ભૂમિકાને એકીકૃત અને ટકાઉ વિકાસના આયોજન તરફ વાળવાની તાતી જરૂરિયાત છે. આ માટે ખાનગી સંસ્થાઓ, સરકારી વિભાગો અને સ્થાનિક બિનસરકારી સંસ્થાઓ જેવા હિતધારકોના સહયોગથી સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ આબોહવા સ્થિતિસ્થાપકતા યોજનાઓ તૈયાર કરવી આવશ્યક છે.

આ પ્રોજેક્ટ પર છેલ્લા ત્રણ વર્ષથી કામગીરી કરવામાં આવી રહી છે. વર્ષ ૨૦૨૫–૨૦૨૬ દરમિયાન શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર (SSKK) દ્વારા રાજકોટ જિલ્લાના ગ્રામીણ સમુદાયો સામેના જટિલ પડકારોનો સામનો કરવા સહભાગીતા આધારિત અને સર્વાંગી અભિગમ અપનાવવામાં આવ્યો હતો. ગોંડલ, કોટડા સાંગાણી અને જસદણ તાલુકાનાં ૧૩૯ ગામોમાં નીચેની શ્રેષ્ઠ પદ્ધતિઓ દ્વારા આબોહવા પરિવર્તન સામે સ્થિતિસ્થાપકતા, પર્યાવરણીય ટકાઉપણું અને સર્વસમાવેશક વિકાસને પ્રોત્સાહન આપવાનો હેતુ રાખવામાં આવ્યો હતો.





ટકાઉ વિકાસ માટે આબોહવા સ્થિતિસ્થાપકતા

આ વિસ્તારમાં વારંવાર પડતા દુષ્કાળ, લાંબા સમય સુધી વરસાદનો અભાવ અને ગરમીનાં મોજાંને કારણે પાણીની ગંભીર અછત ઊભી થાય છે. આ પડકારોને પહોંચી વળવા માટે પ્રોજેક્ટ હેઠળ જળસંગ્રહ અને જળસંરક્ષણનાં માળખાંમાં સુધારો કરવામાં આવ્યો હતો તેમજ પાણીની ઉપલબ્ધતા અને ખેતીની સ્થિતિસ્થાપકતા વધારવા માટે કાર્યક્ષમ સિંચાઈ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

મુખ્ય પ્રવૃત્તિઓ

- **૨૬** ચેકડેમનું નવીનીકરણ કરવામાં આવ્યું.
- **૧૦** લાખ ઘનમીટર પાણી સંગ્રહ કરવાની ક્ષમતા ઊભી કરવામાં આવી.
- **૩૭** ખેડૂતોને **૪૮.૮૫ હેક્ટર** વિસ્તારમાં સ્પ્રિંકલર અને ટપક સિંચાઈ પદ્ધતિ માટે સહાય આપવામાં આવી.
- જમીન અને માટીનું ધોવાણ અટકાવવા માટે **૧૪** ગામોમાં પાકા કાઢીયાની રચના કરવામાં આવી. જેના હેઠળ **૩૦૬.૪ હેક્ટર** વિસ્તાર આવરી લેવામાં આવ્યો.

પરિણામો

- સિંચાઈ હેઠળનું ક્ષેત્રફળ **૧૨.૪૧** વીઘાથી વધીને **૧૬.૦૨** વીઘા થયું, એટલે કે **૩.૬૧** વીઘાનો વધારો થયો.
- ભૂગર્ભ જળસ્તરમાં સરેરાશ **૫.૭૩** ફૂટનો સુધારો નોંધાયો.
- પાકનું સરેરાશ ઉત્પાદન **૧૯.૭** મણ પ્રતિ વીઘાથી વધીને **૨૨.૮૨** મણ પ્રતિ વીઘા થયું.
- ખેડૂતોના ચોખ્ખા નફામાં પ્રતિ વીઘા **₹૪,૬૬૪**નો વધારો થયો.




સંકલિત મૂલ્યશૃંખલા વિકાસ (IVCD)

૧. સારી કૃષિ પદ્ધતિઓ (GAP)

ખેતીની ઉત્પાદકતામાં વધારો કરવા અને આબોહવા પરિવર્તનથી ઊભા થતા જોખમો ઘટાડવા માટે આબોહવા અનુકૂળ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

સિદ્ધિઓ

- ૨,૮૨૧ ખેડૂતોએ આબોહવા અનુકૂળ ખેતી પદ્ધતિઓ અપનાવી.
- કુલ ૧,૭૧૨.૬૩ હેક્ટર વિસ્તારમાં આ પદ્ધતિઓનો અમલ કરવામાં આવ્યો.



૨. આંબાનું વાવેતર

લાંબા ગાળે ખેડૂતોની આવક વધારવા અને પર્યાવરણીય ટકાઉપણું જાળવવા માટે બાગાયતી ખેતીને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

સિદ્ધિઓ

- ૮,૦૦૦ આંબાનાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું.
- કુલ ૨૬.૧૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું.
- વાવેતર કરેલાં વૃક્ષોમાં ૮૫% વૃક્ષોનો જીવંત રહેવાનો દર નોંધાયો.



૩. મિશ્રપાક પદ્ધતિ (મગફળી + તુવેર)

અનિશ્ચિત વરસાદને કારણે પાક નિષ્ફળ જવાનું જોખમ ઘટાડવા અને ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે મિશ્રપાક પદ્ધતિ અપનાવવામાં આવી હતી.

પરિણામો

- પ્રતિ વીઘા ખેતી ખર્ચમાં ₹૬,૧૨૨નો ઘટાડો થયો.
- પ્રતિ વીઘા આવકમાં ₹૬,૨૬૨નો વધારો થયો.
- પ્રતિ મોસમ સિંચાઈની જરૂરિયાતમાં ૪.૭૨ પિયતનો ઘટાડો થયો.
- પાણીના સંરક્ષણમાં સુધારો થયો અને ખેડૂતો માટે આવકનાં બે સ્ત્રોત ઊભા કરવાની તક મળી.



૪. ડ્રોન દ્વારા જંતુનાશક દવાનો છંટકાવ

ડ્રોન આધારિત જંતુનાશક દવાના છંટકાવથી કાર્યક્ષમતામાં વધારો થયો અને પાકનું સમયસર રક્ષણ શક્ય બન્યું.

સિદ્ધિઓ

- કુલ ૨૫૨.૩૮ હેક્ટર વિસ્તારમાં ડ્રોન દ્વારા છંટકાવ કરવામાં આવ્યો.
- આ કામગીરી ડ્રોન દીદી યોજના હેઠળ હાથ ધરવામાં આવી.

પરિણામો

- દરેક છંટકાવ દરમિયાન ૭.૬ કલાકના શ્રમની બચત થઈ.
- પ્રતિ ખેડૂત છંટકાવ ખર્ચમાં ₹૧,૮૩૪નો ઘટાડો થયો.
- ચોમાસા દરમિયાન પાકમાં જંતુનાશક દવાનો સમયસર છંટકાવ શક્ય બન્યો.





૫. ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO) અંગે જાગૃતિ

ખેડૂતોને સામૂહિક ખેતી માટે પ્રોત્સાહિત કરવા અને બજાર સુધી તેમની પહોંચ સુધારવાના હેતુથી ખેડૂત ઉત્પાદક સંગઠન અંગે જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું..

કુલ ૮૮ ખેડૂતોએ ભાગ લીધો હતો.



મહિલા ઉદ્યોગસાહસિકતા દ્વારા ગ્રામીણ આવકમાં વૈવિધ્યકરણ (DRIWE)

આજીવિકા માટે સહાય

૧. મહિલા ઉદ્યોગસાહસિકતા



- **૧,૦૧૬** મહિલાઓને ઇમિટેશન જ્વેલરી બનાવવાની સાધન કિટ્સ દ્વારા સહાય પૂરી પાડવામાં આવી.
- મહિલાઓની કાર્યક્ષમતામાં વધારો થયો અને કમરના દુખાવા જેવી સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યાઓમાં ઘટાડો થયો.





૨. ડેરી વિકાસ



૬૬૬ પશુપાલક ખેડૂતોને સ્વચાલિત પાણીની ટાંકીઓ, પશુ આરોગ્ય કિટ્સ અને ચીલેટેડ ખનિજ મિશ્રણ દ્વારા સહાય આપવામાં આવી. આ પ્રવૃત્તિઓથી પશુઓના સ્વાસ્થ્યમાં સુધારો થયો અને દૂધ ઉત્પાદન વધારવામાં મદદ મળી.

૩. સ્વસહાય જૂથો (SHG)નું સશક્તિકરણ

પ્રવૃત્તિઓ

કુલ ૫૦ સ્વસહાય જૂથો સાથે સહયોગ કરીને નીચેની સુવિધાઓ અને તાલીમ પૂરી પાડવામાં આવી:

- પશુપાલન અંગેની તાલીમ
- ઇમિટેશન જ્વેલરી બનાવવાની તાલીમ
- પશુધન માટે સહાય
- ડિજિટલ સાક્ષરતા
- નાણાકીય સાક્ષરતા






૪. નાણાકીય સમાવેશ

પરિચય

આ પ્રોજેક્ટ દ્વારા સરકારી કલ્યાણકારી યોજનાઓ અને નાણાકીય સેવાઓ સુધી ગ્રામીણ સમુદાયની પહોંચ સુધારવામાં આવી.



સિદ્ધિઓ

કુલ ૮૮૭ લાભાર્થીઓની વિવિધ યોજનાઓમાં નોંધણી કરાવવામાં આવી, જેમાં નીચેની યોજનાઓનો સમાવેશ થાય છે:

- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PMJAY – આયુષ્માન કાર્ડ)
- જોબ કાર્ડનું ઈ-કેવાયસી (e-KYC)
- વૃદ્ધ પેન્શન યોજના
- પાક ધિરાણ (CC) લોન

૫. ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા

પરિચય

આ પ્રોજેક્ટથી ગ્રામીણ સમુદાયોમાં ડીઝીટલ કુશળતા અને નાણાકીય સાક્ષરતાની પહોચ વધારવામાં આવી .

સિદ્ધિઓ

કુલ **૧,૮૭૫** લોકોને તાલીમ આપવામાં આવી.

તાલીમમાં નીચેના વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો:

- વોટ્સએપ દ્વારા સંદેશાવ્યવહાર
- યુટ્યુબનો ઉપયોગ
- ગૂગલ પે અને ડિજિટલ નાણાકીય વ્યવહારો
- નાણાકીય આયોજન
- રોકાણ અંગેની સમજણ
- નાણાકીય છેતરપિંડીથી બચવાના ઉપાયો
- આઈ-ખેડૂત (i-Khedut) સહિતનાં સરકારી પોર્ટલનો ઉપયોગ



આપત્તિ વ્યવસ્થાપન

ટીમના સભ્યો દ્વારા કાર્યક્ષેત્રમાં આપત્તિ વ્યવસ્થાપન સંબંધિત ફોલોઅપ મુલાકાતો કરવામાં આવી. ત્યાની અત્યારની પરિસ્થિતિની સમીક્ષા કરવા માટે સ્થાનિક સમુદાયના સભ્યો તથા સંબંધિત વ્યક્તિઓ સાથે ચર્ચા કરવામાં આવી. તેમજ વધુ સહાય અથવા સંકલનની જરૂરિયાત છે કે નહીં તેની પણ તપાસ કરવામાં આવી. વિસ્તારમાં નિયમિત ફોલોઅપ અને નિરીક્ષણની કામગીરી ચાલુ છે.





ગીર સોમનાથ જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં સંકલિત કૃષિ વિકાસ અને આજીવિકા સંવર્ધન કાર્યક્રમ



ગીર સોમનાથ જિલ્લાના દરિયાકાંઠા વિસ્તારમાં સંકલિત કૃષિ વિકાસ અને આજીવિકા સંવર્ધન કાર્યક્રમનો મુખ્ય હેતુ ટકાઉ ખેતી, પશુપાલન વિકાસ, જમીનના સ્વાસ્થ્યનું વ્યવસ્થાપન, જળસંસાધનોનું સંરક્ષણ અને સામુદાયિક સંસ્થાઓને મજબૂત બનાવી નાના અને સીમાંત ખેડૂતોની આજીવિકામાં સુધારો કરવાનો છે. અઝીમ પ્રેમજી ફાઉન્ડેશનના સહયોગથી અમલમાં મુકેલ. આ પ્રોજેક્ટ ગુજરાતના ગીર સોમનાથ જિલ્લાના ઊના તાલુકાનાં પાંચ ગામો — ખાણ, ખજુદ્રા, સીમર, દુધાળા અને ખત્રીવાડામાં કાર્યરત છે.

કુલ ૨,૪૮૬ પરિવારોનો સર્વે કરવામાં આવ્યો હતો, જેમાંથી ૧,૧૦૩ પાત્ર ખેડૂત પરિવારોની પસંદગી કરવામાં આવી હતી. આ પરિવારોને ત્રણ વર્ષના સમયગાળા દરમિયાન પ્રોજેક્ટની વિવિધ પ્રવૃત્તિઓનો લાભ આપવામાં આવશે.

મુખ્ય પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓ

1 પશુ આરોગ્ય સેવાઓ અને કૃત્રિમ બીજદાન

- પ્રોજેક્ટનાં ગામોમાં કુલ: ૫ પશુ આરોગ્ય શિબિરોનું આયોજન કરવામાં આવ્યું.
- ૩૨૬ પશુપાલક ખેડૂતોને પશુચિકિત્સા અને આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવી.
- પશુઓની ઉત્પાદકતા વધારવા માટે ૪૧ કૃત્રિમ ગર્ભાધાન (AI) સફળતાપૂર્વક કરવામાં આવ્યાં.
- આ કામગીરીથી પશુઓની નિવારક આરોગ્ય સંભાળ અને વૈજ્ઞાનિક પ્રજનન સેવાઓ સુધી ખેડૂતોની પહોંચ વધી છે. પરિણામે પશુઓના સ્વાસ્થ્યમાં સુધારો અને આવકની તકોમાં વધારો થવામાં મદદ મળી છે.



2 જૈવિક કૃષિ ઇનપુટ ઉત્પાદન કેન્દ્રો

- મહિલાઓ દ્વારા સંચાલિત કુલ ૬ જૈવિક કૃષિ ઇનપુટ ઉત્પાદન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યાં.
- દરેક કેન્દ્ર દીઠ પાંચ મહિલાઓ મુજબ કુલ ૩૦ ગ્રામીણ મહિલાઓ ઉત્પાદન અને કેન્દ્રના સંચાલનમાં સક્રિય રીતે જોડાઈ.
- તમામ કેન્દ્રોમાં કાયમી શેડ અને અળસિયાં ખાતરના એકમો સ્થાપિત કરવામાં આવ્યાં.
- મહિલાઓને અમરેલીની નેચરલ ફાર્મિંગ કોલેજ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK) ખાતેના અભ્યાસ પ્રવાસ દ્વારા પ્રાયોગિક તાલીમ આપવામાં આવી.
- આ પહેલથી ખેડૂતોમાં વ્યક્તિગત જૈવિક કૃષિ ઇનપુટ ઉત્પાદન એકમો સ્થાપિત કરવા માટે રસ વધ્યો છે, જે ટકાઉ અને ઓછા ખર્ચની ખેતીને પ્રોત્સાહન આપે છે.

3 સામુદાયિક નેતૃત્વ સમિતિઓની રચના (CLC)

- સમુદાયની ભાગીદારી અને પ્રોજેક્ટના અસરકારક સંચાલનને મજબૂત બનાવવા માટે ૫ સામુદાયિક નેતૃત્વ સમિતિઓ (CLC)ની રચના કરવામાં આવી.
- કુલ ૫૪ સભ્યોની પસંદગી કરવામાં આવી, જેમાં ૪૪ પુરુષો અને ૧૦ મહિલાઓનો સમાવેશ થાય છે.
- અહેવાલ સમયગાળા દરમિયાન દરેક સમિતિએ દર મહિને એક બેઠક મુજબ કુલ ૧૨ બેઠકો યોજી.
- સમિતિઓએ નીચેની કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી:
- ૧,૧૦૩ લાભાર્થી ખેડૂત પરિવારોની પસંદગી.
- પ્રોજેક્ટની વિવિધ પ્રવૃત્તિઓ માટે લાભાર્થીઓને મંજૂરી આપવી.
- કાર્યક્રમના અમલીકરણનું નિરીક્ષણ.
- પારદર્શિતા, જવાબદારી અને સમુદાયની માલિકીભાવનાને પ્રોત્સાહન આપવું.





4 નાળિયેરના વાવેતરને પ્રોત્સાહન

પ્રારંભિક લક્ષ્યાંક:

- ખેડૂતોની સંખ્યા: ૨૫૦
- સુધારેલી જાતનાં નાળિયેરનાં રોપાં: ૨,૫૦૦

સિદ્ધિઓ:

- કુલ ૧૯૬ ખેડૂતો આ પ્રવૃત્તિમાં જોડાયા.
- ટીડી (બીજી પેઢી) જાતનાં કુલ **૪,૯૦૦ નાળિયેરનાં રોપાં**નું વાવેતર કરવામાં આવ્યું, જે નિર્ધારિત વાવેતર લક્ષ્યાંકના ૧૯૬% જેટલું છે.
- સરકારી બાગાયત વિભાગની સહાય યોજના દ્વારા ₹૪.૯૦ લાખ અને સંસ્થાના સહયોગથી ₹૬.૧૧ લાખની સહાય એકત્રિત કરવામાં આવી.
- વાવેતર કરેલાં રોપાંમાંથી ૭૧% જીવંત રહ્યાં, જેમાં કુલ ૩,૪૯૫ તંદુરસ્ત રોપાંનો સમાવેશ થાય છે.
- બાગાયત વિભાગ અને ગ્રામ્ય સામુદાયિક નેતૃત્વ સમિતિઓના સહયોગથી આ પ્રવૃત્તિ અમલમાં મૂકવામાં આવી. તે સુધારેલી બાગાયતી પદ્ધતિઓ દ્વારા લાંબા ગાળે ખેડૂતોની આવક વધારવામાં મદદરૂપ બનશે.



5 ટપક સિંચાઈને પ્રોત્સાહન

- ટપક સિંચાઈ પદ્ધતિ અપનાવવા માટે ૧૦૦ ખેડૂતોનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું.
- રસ ધરાવતા ૭૦ ખેડૂતો માટે ખર્ચના અંદાજ તૈયાર કરવામાં આવ્યા.
- કુલ ૧૩ ખેડૂતોના ખેતરોમાં ટપક સિંચાઈ પદ્ધતિ સફળતાપૂર્વક સ્થાપિત કરવામાં આવી.
- ખેડૂતોમાં રસ હોવા છતાં, સરકારી સબસિડી મળતી હોવા છતાં લાભાર્થીએ પોતે ચૂકવવાની ઊંચી રકમને કારણે આ પદ્ધતિ અપનાવવાનું પ્રમાણ મર્યાદિત રહ્યું.

6 જમીનના સ્વાસ્થ્યમાં સુધારા માટે જીપ્સમનો ઉપયોગ

- કુલ ૩૫૦ ખેડૂતોએ આશરે ૦.૪૦ હેક્ટર વિસ્તાર દીઠ જીપ્સમનો ઉપયોગ અપનાવ્યું.
- જમીન સુધારવા અને કૃષિ ઉત્પાદકતા વધારવા માટે પ્રથમ વખત જીપ્સમનો ઉપયોગ કરવા ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.
- **ખેડૂતો દ્વારા નોંધાયેલા લાભો:** જમીનની રચનામાં સુધારો થયો, જમીન ખેડવાની અને તૈયાર કરવાની પ્રક્રિયા સરળ બની, જમીનમાં ભેજ જાળવી રાખવાની ક્ષમતા વધી,રાસાયણિક ખાતરના વપરાશમાં ઘટાડો થયો,પાકની વૃદ્ધિ અને જમીનની ફળદ્રુપતામાં સુધારો થયો.

7 સંકલિત જીવાત વ્યવસ્થાપન અને સંકલિત પોષકતત્ત્વ વ્યવસ્થાપનનાં નિદર્શનો

- યુનિવર્સિટીની ભલામણો અનુસાર કુલ ૨૯૦ ખેડૂતોએ સંકલિત જીવાત વ્યવસ્થાપન (IPM) અને સંકલિત પોષકતત્ત્વ વ્યવસ્થાપન (INM) પદ્ધતિઓ અપનાવી.
- ખાસ કરીને કપાસની ખેતીમાં આ પદ્ધતિઓના ઉપયોગ પર ભાર મૂકવામાં આવ્યો.
- આ નિદર્શનો દ્વારા સંતુલિત પોષકતત્ત્વોનો ઉપયોગ, જીવાતોના ઉપદ્રવમાં ઘટાડો અને પાક વ્યવસ્થાપનની સુધારેલી પદ્ધતિઓને પ્રોત્સાહન મળ્યું.

8 માંડવા પદ્ધતિ દ્વારા શાકભાજીની ખેતી

- માંડવા પદ્ધતિથી શાકભાજીની ખેતી માટે ૧૫૦ ખેડૂતોનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું.
- કુલ ૧૨૨ ખેડૂતોએ આ પદ્ધતિ અપનાવવામાં રસ દર્શાવ્યો.
- ૩૨ ખેડૂતોએ સફળતાપૂર્વક માંડવા પદ્ધતિ સ્થાપિત કરી, જેનાથી કુલ ૧૧ હેક્ટર વિસ્તાર આવરી લેવામાં આવ્યો.
- પરંપરાગત વાંસની રચનાઓના સ્થાને ટકાઉ ફાઇબરના એંગલનો ઉપયોગ કરવામાં આવ્યો, જેના કારણે આધાર માળખાની અંદાજિત આયુષ્ય ૪થી ૫ વર્ષ થવાની શક્યતા છે.
- ખેડૂતોને થયેલા લાભો : પાકની વૃદ્ધિમાં સુધારો થયો, વધુ સારી ગુણવત્તાવાળાં શાકભાજીનું ઉત્પાદન થવાની શક્યતા વધી, જીવાતોના ઉપદ્રવમાં ઘટાડો નોંધાયો, લાંબા ગાળે વધુ નફો મેળવવાની તકો ઊભી થઈ.

9 કૂવા રીચાર્જ

- શરૂઆતમાં કૂવા રીચાર્જ માટે ૭૭ ખેડૂતોની પસંદગી કરવામાં આવી.
- તેમાંથી ૪૫ સ્થળો તકનીકી રીતે યોગ્ય જણાયાં.
- અહેવાલ સમયગાળા દરમિયાન ૨૨ કૂવા રીચાર્જ માળખાંનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું.
- સંયુક્ત માલિકીના પ્રશ્નો, કઠણ ખડકાળ જમીન, ખેતરોમાં ઊભા પાક અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂગર્ભ જળસ્તર ઊંચું હોવાને કારણે બાકીની કામગીરી મુલતવી રાખવામાં આવી.
- **અપેક્ષિત પરિણામો:** પૂર્ણ થયેલાં માળખાંથી લાંબા ગાળે ભૂગર્ભ જળના રીચાર્જમાં વધારો, જમીનની ખારાશ ઘટાડવામાં મદદ અને સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા મજબૂત થવાની અપેક્ષા છે.

3 આજીવિકા અને સશક્તિકરણ

મહિલા સશક્તિકરણ

01



૨૫ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર દરમિયાન 'હિંસા સામે ૧૬ દિવસની જાગૃતિ ઝુંબેશ'

સંસ્થાએ ૨૫ નવેમ્બરથી ૧૦ ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન યોજાયેલી 'હિંસા સામે ૧૬ દિવસની જાગૃતિ ઝુંબેશ' માં ભાગ લીધો હતો. આ કાર્યક્રમ અંતર્ગત તા. ૦૮-૧૨-૨૦૨૫ના રોજ શેખ પીપરીયા ગામે ઘરેલુ હિંસા અધિનિયમ, ૨૦૦૫ અંગે કાનૂની માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મહિલા અને બાળ વિકાસ વિભાગ, નારી અદાલત, સખી વન સ્ટોપ સેન્ટર, કાનૂની સહાય કેન્દ્ર અને શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર (SSKK)ના સહયોગથી યોજાયો હતો. આ કાર્યક્રમમાં આશરે ૧૭૨ મહિલાઓએ ભાગ લીધો હતો. આ ઉપરાંત, સાળવા, રબારિકા અને ધુંધવાણા ગામોમાં સંસ્થાના જેન્ડર સમાનતા શિક્ષણ વર્ગના બાળકોએ રેલીનું આયોજન કર્યું હતું. આ રેલી દ્વારા ગ્રામજનોને મહિલાઓ સામે થતી હિંસા અંગે જાગૃત કરવામાં આવ્યા હતા તથા મહિલાઓના અધિકારો અને હિંસા નિવારણ અંગે સંદેશો પહોંચાડવામાં આવ્યા હતા.





02



વિશ્વ મહિલા દિવસની ઉજવણી

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ – ૨૦૨૬ના અવસરે સંસ્થા દ્વારા કાર્યવિસ્તારમાં સમુદાયની મહિલાઓના યોગદાનને માન્યતા આપવા અને તેમની સિદ્ધિઓની ઉજવણી કરવા માટે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ જેન્ડર સમાનતા, મહિલા સશક્તિકરણ તેમજ મહિલાઓના અધિકારો અને તેમને મળતી તકો અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

કાર્યક્રમ દરમિયાન જાગૃતિ સત્રો, પ્રેરણાદાયી વક્તવ્યો અને પરસ્પર સંવાદો તેમજ ચર્ચાઓ જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.



03



રાષ્ટ્રીય મહિલા ખેડૂત દિવસ ઉજવણી

મહિલા ખેડૂતોને ઓળખવા અને સશક્ત બનાવવા માટે AKRSP(I), NCNF અને FWWB ના સહયોગથી સંસ્થા દ્વારા ૧૧ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ અમરેલી સ્થિત મુખ્ય કાર્યાલય ખાતે 'રાષ્ટ્રીય મહિલા ખેડૂત દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં કુદરતી ખેતી, ટકાઉ કૃષિ અને મહિલા નેતૃત્વને પ્રોત્સાહન આપવા માટે વિવિધ ગામડાઓમાંથી ૪૫ મહિલા ખેડૂતો એકઠા થયા હતા. મુખ્ય પ્રવૃત્તિઓમાં જીવનામૃત, અગ્નિઅસ્ત્ર, માટી આરોગ્ય અને આબોહવા-સ્થિતિસ્થાપક ખેતી પર નિષ્ણાત સત્રો, GNFSU મોડેલ ફાર્મની મુલાકાત, મહિલાઓ દ્વારા બનાવેલા ઉત્પાદનોનું પ્રદર્શન, ઇન્ટરેક્ટિવ શિક્ષણ પ્રવૃત્તિઓ અને સફળ મહિલા ખેડૂતો અને ઉદ્યોગસાહસિકો દ્વારા અનુભવોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું.



04

સ્વાવલંબન તરફનું એક મજબૂત પગલું: સંગીની પહેલ



શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા દેસાઈ ફાઉન્ડેશન ટ્રસ્ટના સહયોગથી કાર્યવિસ્તારના ગામોમાં મહિલાઓને આર્થિક રીતે સશક્ત બનાવવાના ઉદ્દેશ સાથે "સંગીની" પહેલ સફળતાપૂર્વક અમલમાં મુકાઈ છે. ગયા વર્ષે સંસ્થાએ મહિલાઓમાં માસિક સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ વધારવા માટે મફત સેનેટરી નેપકીનનું વિતરણ કર્યું હતું. આ પહેલના આધારે આ વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન બહેનોને સ્વરોજગાર સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવ્યો, જેમાં તેઓ "આસાની" સેનેટરી પેડનું વિતરણ અને વેચાણ કરીને પોતાની આજીવિકા ઉભી કરી રહ્યા છે. કુલ ૨૪ બહેનો આ પહેલ સાથે સક્રિય રીતે જોડાઈ છે અને તેમણે સેનેટરી પેડના વેચાણ દ્વારા પોતાની આવકમાં નોંધપાત્ર વધારો કર્યો છે. આ પહેલથી માત્ર આવકમાં વધારો જ થયો નથી, પરંતુ બહેનોમાં આત્મવિશ્વાસ, નેતૃત્વ ક્ષમતા અને સમાજમાં તેમની ઓળખ પણ મજબૂત બની છે. સાથે સાથે આરોગ્યને લગતા પ્રશ્નોને પણ વાચા મળી છે. સંસ્થા દ્વારા આવી પહેલોને સતત આગળ વધારવામાં આવી રહી છે, જેથી વધુ મહિલાઓને આજીવિકાની તકો પ્રાપ્ત થાય અને તેઓ આત્મનિર્ભરતા તરફ દ્રઢ પગલાં ભરી શકે.

આ પહેલમાં કુલ ૨૪ મહિલાઓએ સક્રિયપણે ભાગ લીધો છે.

સેનિટરી પેડના વેચાણ દ્વારા તેમની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે.

મહિલાઓના આત્મવિશ્વાસ, નેતૃત્વ કૌશલ્ય અને ઓળખને વધુ મજબૂત બનાવવામાં આવી છે.

આરોગ્ય સંબંધિત સમસ્યાઓનું પણ નિરાકરણ લાવવામાં આવ્યું છે.

સંસ્થા સતત આવી પહેલોને આગળ ધપાવી રહી છે, જેથી વધુ મહિલાઓને આજીવિકાની તકો મળી શકે અને આત્મનિર્ભરતા તરફ નક્કર પગલાં લઈ શકે.



શૈક્ષણિક હસ્તક્ષેપ

વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને નવીનતા કાર્યશાળા

સંસ્થા દ્વારા તા. ૧૭ થી ૧૯ ઓક્ટોબર ૨૦૨૫ અને તા. ૪ થી ૬ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન બે તબક્કામાં 'વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અને નવીનતા કાર્યશાળા'નું સફળ આયોજન કરવામાં આવ્યું. બંને વર્કશોપમાં વિદ્યાર્થીઓને સર્જનાત્મક, વૈજ્ઞાનિક અને જીવનકૌશલ્ય આધારિત શિક્ષણનો અનોખો અનુભવ મળ્યો.

વર્કશોપ દરમિયાન બાળકોને ટેકનોલોજી આધારિત શિક્ષણ, સ્વાસ્થ્ય અને સ્વચ્છતા, યોગ, સકારાત્મક વિચારસરણી, ટીમવર્ક, નેતૃત્વ, ડિઝાઇન થિંકિંગ, પર્યાવરણ સંરક્ષણ તથા સમસ્યા નિરાકરણ જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું. વિવિધ રમતો, વાર્તાઓ, ચિત્રકામ, સંગીત-નૃત્ય, સ્પેલિંગ અને શબ્દ રમતો તેમજ કાગળ અને સ્ટ્રોથી વૈજ્ઞાનિક કૃતિઓ અને મોડેલ બનાવવાની પ્રવૃત્તિઓ દ્વારા બાળકોને આનંદદાયક રીતે શીખવાની તક મળી.

મુખ્ય આકર્ષણોમાં જાપાનની શિક્ષણ પદ્ધતિનો વિડિયો, જ્વાળામુખી મોડેલ, એર પ્રેશર રોકેટ, ડિઝાઇન થિંકિંગ પ્રોજેક્ટ, મોડેલ-પોસ્ટર-નાટક પ્રસ્તુતિઓ, કૈલાશધામ મંદિર અને બાલભવન વિજ્ઞાન સંશોધન કેન્દ્રની શૈક્ષણિક મુલાકાતોનો સમાવેશ થયો હતો.

બાળકોના પ્રતિભાવો પરથી સ્પષ્ટ થયું કે તેમણે નવી રમતો, કૌશલ્યો અને જીવનમૂલ્યો શીખ્યા તેમજ આ જ્ઞાન પોતાના પરિવાર અને મિત્રો સુધી પહોંચાડવાનો સંકલ્પ વ્યક્ત કર્યો. આ બંને વર્કશોપ બાળકો માટે જ્ઞાનવર્ધક, પ્રેરણાદાયક અને યાદગાર સાબિત થયા.

- સર્જનાત્મકતા અને નવીનતા
- વિજ્ઞાન અને પ્રયોગો
- ટીમવર્ક અને નેતૃત્વ
- પર્યાવરણીય જાગૃતિ
- આરોગ્ય, સ્વચ્છતા અને યોગ
- સમસ્યાનું નિરાકરણ અને જીવન કૌશલ્યો

PHOTO HIGHLIGHTS







	Name	Duration	Name of college	Course
1	Astha Dwivedi	06/10/2025 to 23/11/2025	IRMA - Anand	PGDM-RM 46 (2025-27)
2	Anushka Upadhyay			
3	Shreya Raghuwanshi			
4	Tomar Krishk			
5	Dipen Khandelwal			
6	Tindwani Alok Rajendra			
7	Abha Bhatt			
8	Rimjhim Sharma			
9	Vidhi Tewari			
10	Anjali Thakkar			
11	Archita Singhi			
12	Khushi Didwania			
13	Prerana Pandey			
14	Anoushka Banerjee			
15	Ajna Jayaprakash			
16	Ananta Sharman			
17	Medhatthi Saha			
18	Kaushik Prakash			
19	Ranjan Rawat			
20	Hiruthick Sriram			
21	Ayush Raj			
22	Vishal			
23	Munjabhau Shivraj Mane			
24	Apoorv Agnihotri	19 September to 18 October	SP Jain	PGDM
25	Anshuman Singh			
26	Siddhi Shah	1 December 25 to 13 December 25	Malad Kandivali Education Society IMSR	MBA
27	Krisha Surti			
28	Komal Bipinbhai Gohil	9 December to 29 December	Ukabhai Dodiya BRS College - Kidivav	BRS
29	Dhruvi Kalotara			
30	Kiranben Kikani			
31	Mayurbhai Parmar			
32	Chintanbhai Kandoliya			
33	Dhruvkumar Chouhan			
34	Trusha Kalsariya	01.01.2026 to 31.01.2026	VD Kanakiya Arts College savar kundala	BA (Sem 6)
35	Kunjal Varsadiya			
36	Vaishaliben Nagar	05.01.2026 to 21.01.2026	Nandkuvarba Mahila Arts College Bhavanagar	BA (Sem 6)
37	Minal Gadhavi	28.01.2026 to 03.03,2026	Shree Amreli Jilla leuva patel charitable Trust	BBA (Sem 6)
38	Maitri Nakrani			

સ્ટાફ ટીમની તાલીમ



સંસ્થાની ટીમના ક્ષમતા નિર્માણ માટે સંસ્થા વિવિધ તાલીમોનું આયોજન કરે છે અને ટીમના સભ્યોને ઓફિસની બહારની તાલીમોમાં પણ મોકલે છે જેથી તેઓ જ્ઞાન અર્જિત કરી શકે. વર્ષ દરમિયાન સંસ્થાના કાર્યકરો અન્ય સાથી સંસ્થાઓ તેમજ આપણી સંસ્થામાં આયોજિત તાલીમો, મીટીંગો અને કાર્યશાળાઓમાં સહભાગી બની શક્યા.

સંસ્થાએ કાર્યકરો માટે પ્રેરણા પ્રવાસનું પણ આયોજન કરેલ. સ્ટાફ માટે એક્સપોઝર વિઝિટ કમ પ્રવાસએ આવતા વર્ષની પ્રવૃત્તિઓના આયોજનનો ખૂબ જ આવશ્યક ભાગ છે. સંસ્થામાં નવા આવનાર કાર્યકર્તાઓ માટે, બધા સાથ મુસાફરી કરવાથી નવી મિત્રતા અને જોડાણ વધે છે. નજીકમાં કામ કરતા કર્મચારીઓ જ્યારે કાર્યસ્થળની બહાર સાથે મુસાફરી કરે છે ત્યારે તેઓ એકબીજાને નવા જુસ્સામાં જુએ છે. આ પ્રકારના મજબૂત જોડાણો સંસ્થાની આવકારદાયક સંસ્કૃતિને સૂચવે છે. અમારી ટીમને પ્રવાસ પર લઈ જઈને સંસ્થા અનિવાર્યપણે કાર્યકર્તાઓ વચ્ચે વાર્તાલાપ માટે જગ્યા બનાવી રહી છે જે ભવિષ્યમાં કાર્યક્ષેત્રમાં વધુ સહયોગી તરીકે પોતાને રજુ કરશે. અમે અમારા પ્રવાસને એવી રીતે ડિઝાઇન કરેલ છે કે જ્યારે અમારી ટીમ કાર્યક્ષેત્રમાં પરત ફરે છે, ત્યારે તેઓ તાજગી અનુભવે છે અને તેમની કુશળતામાં વધારો થાય છે.

પ્રેરણા પ્રવાસ

- એલઈડીપી કાર્યક્રમ અંતર્ગત શેખ પીપરિયા અને ચિતલ ગામની ૭૧ મહિલાઓએ જામનગરના વાડીનાર ખાતે મલ્ટી સ્કિલ ટ્રેનિંગ સેન્ટરની મુલાકાત લીધી અને તેમના વેપાર માટે માર્ગદર્શન મેળવ્યું.
- ચિતલ, જસવંતગઢ અને મોણપુર ગામના ૧૦૦ ખેડૂતોને કેવીકે અમરેલી ખાતે કુદરતી ખેતી અંગે તાલીમ અને મુલાકાત કરાવવામાં આવી.
- ૧૭/૧૨/૨૦૨૫ના રોજ અમદાવાદ ખાતે બ્યુટી પાર્લર વર્ગની બહેનો માટે પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ભરતભાઈ વાળા, નરેન્દ્રભાઈ પોંકિયા, રમેશભાઈ સોલંકી, રાજેશભાઈ રાઠોડ અને પરેશભાઈ સોલંકીએ ૧૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ કેવીકે અરણેજની મુલાકાત લીધી હતી. ત્યાં નવી અને સુધારેલી પાકની જાતો તેમજ સંશોધન કેન્દ્રના પ્લોટમાં ચાલી રહેલા પ્રયોગો વિશે માહિતી મેળવવામાં આવી અને ખેડૂતો માટે ઉપયોગી તકનીકો અને મોડેલો વિશે માર્ગદર્શન લેવામાં આવ્યું. 'ભાલિયા' ઘઉંની જાત માટે સંશોધન કેન્દ્ર વિભાગના વડા વીરેન્દ્રભાઈ પરમાર સાથે ચર્ચા કરવામાં આવી.
- ૧૫/૦૧/૨૦૨૬ ના રોજ સોંદરડી ગામના ૩૦ ખેડૂતોને નેચરલ ડેવલોપમેન્ટ બોર્ડ, કેવીકે અને આત્માના સ્ટાફ સાથે NIC મોડેલ ફાર્મની મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા. જેમાં તેમને ઝડપી માટી પરીક્ષણ કીટ દ્વારા માટી પરીક્ષણ કરીને માહિતી આપવામાં આવી હતી. NIC દ્વારા ૨૫ ખેડૂતોને દશાપર્ણી અર્ક અને ૧ લિટર અગ્નિ અસ્ત્ર ભેટમાં આપવામાં આવ્યા હતા.
- ૧૬ અને ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી ખાતે સંકલિત કૃષિ વિકાસ અને વૃદ્ધિ (IADLE) કાર્યક્રમ હેઠળ કૃષિ પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ૧૦/૦૨/૨૦૨૬ ના રોજ, કુદરતી ખેતી વિકાસ બોર્ડ દ્વારા કુદરતી ખેતી કોલેજ ખાતે વિવિધ રવિ પાકની જાતોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. માચીયાળા, શેડુભાર, રાંઢીયા, પ્રતાપપરા અને ખીજડિયા રાદડિયા ગામના ખેડૂતોને આમંત્રિત કરી વિવિધ પાકની જાતો વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી.
- ૨૦-૦૨-૨૦૨૬ ના રોજ, કુદરતી ખેતી વિકાસ બોર્ડ દ્વારા કુદરતી ખેતી મોડેલ ફાર્મ ખાતે એક તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચિતલ, જસવંતગઢ, ખીજડિયા રાદડિયા, મોટા માચીયાળા અને શેડુભાર કાર્યવિસ્તારના ખેડૂતોને મુલાકાત માટે લઈ જવામાં આવ્યા હતા અને કુદરતી ખેતી પદ્ધતિઓ પર વ્યવહારુ તાલીમ આપવામાં આવી હતી.
- ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ, સોંદરડી પ્રાથમિક શાળાના ૫૦ વિદ્યાર્થીઓને NIC અને નેચરલ મોડેલ ફાર્મની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા.







ખેડૂત ઉત્પાદક સંગઠનની રચના અને સંચાલન



ખેડૂત ઉત્પાદક સંગઠન (FPO)

સંસ્થા દ્વારા કાર્યક્ષેત્રમાં ખેડૂતોના આર્થિક અને સામૂહિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે ખેડૂત ઉત્પાદક કંપનીઓ (FPC)ને પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ માટે ખેડૂતોને શૈક્ષણિક, ટેકનિકલ અને નાણાકીય સહાય પૂરી પાડવામાં આવી હતી.

સંસ્થાના કાર્યક્ષેત્રમાં અવિરત એગ્રો પ્રોડ્યુસર કંપની લિમિટેડ અને સોરઠ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લિમિટેડ કાર્યરત છે. આ કંપનીઓની કામગીરી દ્વારા ખેડૂતોને સંગઠિત થવા, કૃષિ સંબંધિત પ્રવૃત્તિઓને વધુ અસરકારક રીતે સંચાલિત કરવા અને સામૂહિક વિકાસની તકો ઊભી કરવા પ્રોત્સાહન આપવામાં આવે છે.



વિગત	અવિરત એગ્રો પ્રોડ્યુસર કંપની લિ.	સોરઠ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લિ.
નોંધણીની વિગતો	કંપની અધિનિયમ, ૧૯૫૬ હેઠળ નોંધાયેલ. નોંધણી નંબર: U0140GJ2006PLC048635. નોંધાયેલ કચેરી: ચલાલા રોડ, કુમારશાળા સામે, ખાંભા–૩૬૫૬૫૦, ગુજરાત, ભારત.	કંપની અધિનિયમ, ૨૦૧૩ હેઠળ નોંધાયેલ. નોંધણી નંબર: U0210GJ2016PTC086019. નોંધાયેલ કચેરી: સોરઠ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લિમિટેડ, ઊના રોડ,ધોકડવા, ગીર ગઢડા, જિલ્લો ગીર સોમનાથ–૩૬૨૫૬૫, ગુજરાત.
શેરધારકોની સંખ્યા	૨,૨૦૬	૧,૨૭૮
અધિકૃત મૂડી	૨૭,૦૦,૦૦૦	૧૦,૦૦,૦૦૦
ભરપાઈ થયેલી મૂડી	૨૬,૮૦,૧૯૦	૭૯,૦૮,૦૦૦
તાલીમ અને અભ્યાસ પ્રવાસ	૧. ડિજિટલ માર્કેટિંગ અંગે પ્રાયોગિક તાલીમ કાર્યક્રમ તા. ૨૬થી ૨૮ મે, ૨૦૨૫, લખનઉ. ૨. કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોમાં ખેડૂત ઉત્પાદક સંગઠનોની માર્કેટિંગ યોજના તૈયાર કરવા અંગે તાલીમ કાર્યક્રમ, તા. ૨૨થી ૨૪ ડિસેમ્બર, ૨૦૨૫, BIRD લખનઉ.	તા. ૨૦ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ ખેડૂત ઉત્પાદક કંપનીની ક્ષમતા નિર્માણ અને વ્યવસાય યોજના અંગે તાલીમ.
ખરીદી અને વેચાણની હાથ ધરાયેલ પ્રવૃતિઓ	• **કૃષિ ઇનપુટનું વેચાણ:** મગફળી, જીરું, ધાણા, ઘઉં અને ચણાનું પ્રમાણિત બિયારણ, જૈવિક જંતુનાશકો, ટ્રાઇકોડર્મા, લીમડાનું તેલ, બ્યુવેરીયા, મેટારિઝિયમ, સ્યુડોમોનાસ, ફેરોમોન ટ્રેપ, પીળા સ્ટીકી ટ્રેપ અને ડિફેન્ડર, ખાતરો, એરંડિયાની ખોળ, PROM અને મેજિક પ્લસ. • **આ તમામ પ્રવૃત્તિઓમાં SSKKની ખાંભા ક્લસ્ટર ટીમ સહયોગ આપે છે. સરકારી યોજનાઓ અને તેની પ્રક્રિયાઓ માટે જરૂરી સુવિધાઓ તથા આઈ-ખેડૂત પોર્ટલ અને ઈ-કેવાયસી જેવી સેવાઓ પૂરી પાડવામાં સહાય કરવામાં આવે છે.** • **જમીન પરીક્ષણ:** ૬૦૭ જમીન પરીક્ષણ અને ૨૪૭ પાણી પરીક્ષણ.	• **ખેડૂતો અને સ્થાનિક ગ્રાહકોને સુતરાઉ કાપડની બેગનું ઉત્પાદન અને વેચાણ કરવામાં આવ્યું.** • **ટકાઉ અને પર્યાવરણમિત્ર ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે જૈવિક કૃષિ ઇનપુટની જાળીનું વેચાણ કરવામાં આવ્યું અને તેના ઉપયોગને પ્રોત્સાહિત કરવામાં આવ્યો.** • **મૂલ્યવર્ધિત કૃષિ ઉત્પાદનોના વેચાણ દ્વારા ખેડૂત ઉત્પાદક કંપનીની આવક મજબૂત બનાવવામાં આવી.**

એલઈડીપી – નાબાર્ડ

- **શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર (SSKK)**, કોટનકનેક્ટ ફાર્મર કોમ્યુનિટી ફાઉન્ડેશનના સહયોગથી સ્વસહાય જૂથો (SHG)ની સભ્ય મહિલાઓની ક્ષમતાઓને મજબૂત બનાવવા માટે કાર્ય કરી રહ્યું છે. આ અંતર્ગત મહિલાઓની કૌશલ્ય સંબંધિત ખામીઓ અને જરૂરિયાતોને ઓળખીને તેમને યોગ્ય કૌશલ્યવર્ધન માટેની તકો પૂરી પાડવામાં આવે છે.
- નાબાર્ડના LEDP કાર્યક્રમ હેઠળ અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના ચિતલ અને લાઠી તાલુકાના શેખપીપરીયા ગામની સ્વસહાય જૂથોની કુલ ૬૦ મહિલા લાભાર્થીઓની આ પહેલ માટે પસંદગી કરવામાં આવી હતી.
- આ કાર્યક્રમ અંતર્ગત 'નવજાત શિશુ કીટ' તૈયાર કરવાની તાલીમ બે બેચમાં યોજવામાં આવી હતી, જેમાં પ્રત્યેક બેચમાં ૩૦ મહિલાઓએ ભાગ લીધો હતો.
- આ ઉપરાંત, તાલીમાર્થી મહિલાઓને વધુ જ્ઞાન, વ્યવહારુ અનુભવ અને માર્ગદર્શન પૂરું પાડવા માટે પુનઃતાલીમ સત્રો તથા અભ્યાસ મુલાકાતોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિઓનો હેતુ મહિલાઓની આજીવિકામાં વધારો કરવો તેમજ તેમના સ્વરોજગાર અને ઉદ્યોગસાહસિકતાના વિકાસને પ્રોત્સાહન આપવાનો હતો.



૪ આરોગ્ય અને સુખાકારી

હેલ્થ કેમ્પ

સંસ્થાની ટીમ કાર્યક્ષેત્રની મુલાકાતો દરમિયાન મોતિયા વિશે જાગૃતિ ફેલાવી અને રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ-રાજકોટ દ્વારા અમારી ઓફિસના પરિસરમાં આયોજિત આંખના તપાસ કેમ્પ માટે ખેડૂતોનો સંપર્ક કર્યો. જે ખેડૂતોને ઓપરેશન અને સારવારની જરૂર હતી તેમને રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલમાં વધુ સારવાર અને ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા.



આરોગ્ય અંગે હસ્તક્ષેપ

- સંસ્થા દ્વારા મજુરો અને ખેડૂતોને આપવામાં આવતી તાલીમોમાં આરોગ્ય અને પર્યાવરણના મુદાઓને સમાવી માર્ગદર્શન આપવામાં આવ્યું
- લોકજાગૃતિ માટે જંતુનાશકોની માહિતી સાથેની પત્રિકાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું.
- પોષણમાહ કાર્યક્રમમાં સહભાગિતા અંતર્ગત આંગણવાડીઓની મુલાકાત અને પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું.



પ્રાથમિક સારવાર કિટનું વિતરણ

ખેડૂત સમુદાયના સ્વાસ્થ્ય, સલામતી અને સુખાકારી પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાના ભાગ રૂપે, ખેડૂતો અને ખેતમજૂરોને ૧૦૦૦ પ્રાથમિક સારવાર કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કૃષિ કાર્યમાં ઘણીવાર સાધનો, મશીનરી અને રસાયણોનો ઉપયોગ શામેલ હોય છે, જેના કારણે કામદારોને નાની ઇજાઓ અને કટોકટીનો સામનો કરવો પડે છે. પ્રાથમિક સારવાર કીટ કાપ, ઘા, દાઝવા, જંતુના કરડવા અને અન્ય સામાન્ય ઇજાઓની સારવાર માટે મૂળભૂત તબીબી પુરવઠો તાત્કાલિક ઉપલબ્ધ કરાવે છે.



સ્તન કેન્સર જાગૃતિ શિબિર

સંસ્થાએ આશીર્વાદ ફાઉન્ડેશનના સહયોગથી સ્તન કેન્સર જાગૃતિ અને સ્તન કેન્સર સ્ક્રીનીંગ શિબિરનું સફળતાપૂર્વક આયોજન કર્યું. સંસ્થા દ્વારા સ્તન અને ગર્ભાશયના કેન્સર અને તેના વહેલા નિદાન દ્વારા કેન્સરથી બચવાની શક્યતા વિશે માહિતી અને જાગૃતિ ફેલાવી. શિબિર દરમિયાન મહિલાઓને સ્વ-પરીક્ષણ, સમયસર તપાસ અને આરોગ્ય જાગૃતિ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. કેન્સર જાગૃતિ સાથે મહિલા-લક્ષી યોજનાઓ, જંતુનાશકોની આડઅસરો અને ખેતીમાં મહિલાઓની ભાગીદારી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.



તારીખ	સ્થળ	સહભાગી લાભાર્થીઓની સંખ્યા
૧૦/૦૧/૨૦૨૬	પીએચસી – શેખ પીપરીયા	૪૬
૦૪/૦૨/૨૦૨૬	લાઠી - કેરિયા	૮૦
૧૪ થી ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬	પીએચસી – કેરિયા	૬૪
૦૪/૦૩/૨૦૨૬	બાબરા	૩૦
૨૫/૦૩/૨૦૨૬	નાના આંકડિયા	૨૦
૨૬/૦૩/૨૦૨૬	શેખ પીપરીયા	૩૨

૫ સંશોધન, નીતિ સંવાદ અને જ્ઞાનની વહેંચણી



સંશોધન અને દસ્તાવેજીકરણ



1. કાર્યક્રમના ઉદ્દેશ્યોને ધ્યાનમાં રાખીને સંસ્થાની માહિતી અને પરિચય આપતી પત્રિકાઓ તૈયાર કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ માટે લેખિત પરીક્ષાના પ્રશ્નપત્રો તેમજ વિવિધ કાર્યક્રમોમાં કર્મચારીઓની પસંદગી માટે જરૂરી પરીક્ષાના પ્રશ્નપત્રો તૈયાર કરવામાં આવ્યા હતા.
2. વિવિધ કાર્યક્રમો અને પ્રસંગોને અનુરૂપ બેનરો તથા હોર્ડિંગ્સ તૈયાર કરી પ્રકાશિત કરવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ પણ તૈયાર કરી પ્રકાશિત કરવામાં આવ્યો હતો.
3. વધુમાં, ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs)ના ઉદ્યોગસાહસિક મોડેલો માટે જરૂરી હિસાબી ફોર્મ્સ તૈયાર કરવામાં આવ્યા હતા. પારદર્શિતા જળવાઈ રહે અને વ્યવસ્થાપન પ્રક્રિયા સુવ્યવસ્થિત બને તે હેતુથી વ્યવસ્થાપન પ્રક્રિયાનાં નમૂનાઓ તૈયાર કરી અમલમાં મૂકવામાં આવ્યા હતા.

Participation in training

Sr.No.	Name of training	Organized by	Date	Participant
1	Fundraising Masterclass meeting	Amani Institute, Ahmedabad	28th April 2025	D.V. Vagadia, Rajesh Rathod, Narendra Ponkiya, Rameshbhai Solanki, Janak Pandya, Mansi Dobariya Monika Vora, Surendranath Nayak
2	Natural agriculture program at Shri Nishkalanki Dham Pirana, Ahmedabad.	SPNF Association, GNFSU, GLPC and MANAGE Shri Hari Krishna Pharmtech	9th April, 2025	Komalben, Rashmiben
3	Meeting with the CEO of FPO at Diu	Vishal Bheda Jenti Sarvaiya	-	-
4	Programme on Digital Marketing Hands on Training at Bird - Lucknow	Bird - Lucknow	26th to 28th May 2025	Piyush Kathiriya, Vishal Bheda, Bhumi Korat
5	'Two days regional consultation of Saurashtra region Gujarat of CRCG' at Rajkot	CRCG	30th to 31st May 2025	Bharat Vala
6	2 days Regenerative Agriculture Workshop at Bengaluru	Better Cotton	3rd to 4th June, 2025	Kaushik Pandya,
7	"Sharing and Learning Workshop" at Ahmedabad	-	5th & 6th June, 2025	Narendra Ponkiya, Rameshbhai Solanki
8	HCL Tech Grant Pan- India Symposiums for Edition XI at Ahmedabad	HCL Tech	June 6th, 2025	Mansiben, Monikaben
9	Hands-on training on community-based water budget preparation and capacity building of CSO at DSC Head Office, Ahmedabad	DSC	29th July to 31st July 2025	Rameshbhai Solanki, Vashrambhai Solanki, Mansukhbhai Vegad
10	'Best Citizen Award' Ceremony at Juna Zanjiriar from the organization participated in the program.	Vishwa Vatsalya Manav Seva Trust, Bagasra	2nd August, 2025	Dhirubhai Vagadiya, Narendrabhai Ponkia, Surendranath Nayak, Bharatbhai Vala
11	Consultation of Ecosystem Stakeholders working on Prevention of Gender-Based Violence at Mumbai	SNEHA, Mumbai	21st to 22nd August 2025 20th August 2025	Bharat Vala
12	Crop Mapping Exercise at Drangadhra	Better Cotton	10th to 12th	Kaushik Pandya and Umiya Sankhat
13	State level exhibition cum sale of handloom & handicrafts at Bhuj	CCFCF & NABARD	August 2025	2 entrepreneurs from LEDP program
14	"Natural Agriculture Seminar" held at Dudhala	-	30th September, 2025	29 farmers & 42 women farmers from Chital and Shedubhar
15	Agriculture-oriented skill development training at the Krishi Vigyan Kendra, "Farmer Training Center" - Amreli	-	-	36 women of Shekh Pipariya
16	Natural Farming training, Monpur ATMA project.	-	18th November, 2025	130 farmers of Chital, Jasvantgadh and Monpur
17	3-days workshop on performance review to project alignment at Ahmedabad organised from	-	18th to 20th November, 2025	-
18	The state level program of natural farming held in Ahmedabad	-	1st and 2nd December 2025	Monikaben and Pareshbhai
19	A two-day training for PU Managers on MEL and GIF planning and strategy at Ahmedabad	-	19th and 20th December 2025	Pravinbhai, Pareshbhai, Arjunbhai, Kaushikbhai and Umiyaben
20	21st Scientific Advisory Committee Krishi Vigyan Kendra Amreli.	Krishi Vigyan Kendra	30th January 2026	Narendra Ponkia and Dhirubhai Vagadiya
21	3 days residential facilitation workshop for PU team members was at Patan from	CottonConnect	28 to 30 January, 2026.	PU Managers of 5 PUS
22	A training program on Mass Production of Biocontrol Agents for Sustainable Cotton Production at Anand Agricutlural University.	by Better Cotton Initiative and Biological Control Research Laboratory, AAU, Anand	24 to 27 February 2026	Kaushik Pandya
23	'Rural Transformation Partnership Meet 2026' at Mumbai	Reliance Foundation	27 February 2026	Dhirubhai Vagadiya

ટીમ મીટિંગ



ટીમના સભ્યો વચ્ચે વિચારો અને અનુભવોની આપ-લે થાય તથા ટીમના સભ્યો વચ્ચે આત્મીયતા વધે તે હેતુથી દર અઠવાડિયે સ્ટાફ મીટિંગનું આયોજન કરવામાં આવે છે. આ મીટિંગમાં પ્રોજેક્ટ મુજબ થયેલી કામગીરીની સમીક્ષા, કામ દરમિયાન આવતી મુશ્કેલીઓ અને તેના ઉકેલો, સૂચનાઓ, લક્ષ્યાંકો, ભવિષ્યનું આયોજન વગેરે અંગે ચર્ચા કરવામાં આવે છે. આંતરિક મૂલ્યાંકનની જવાબદારીઓ ટીમના સભ્યોને સોંપવામાં આવે છે.

જ્યારે કોઈ નવો સભ્ય ટીમમાં જોડાય છે, ત્યારે સંસ્થા તેને સંસ્થાનું વિઝન અને મિશન સમજાવે છે. સંસ્થાની સ્થાપના શા માટે કરવામાં આવી છે, સંસ્થા અને સરકાર વચ્ચેનો સહયોગ, સ્વૈચ્છિક પ્રવૃત્તિઓ શું છે, સંસ્થાનું રજિસ્ટ્રેશન, સંસ્થાની બોડી, નિયમો, ટ્રસ્ટીઓ, સંસ્થાનું માળખું, આવક-જાવક અને એફસીઆરએ જેવી બાબતો અંગે ટૂંકમાં માર્ગદર્શન આપવામાં આવે છે.

જો સંસ્થાનો કોઈ ટીમ સભ્ય મહિના દરમિયાન કોઈ તાલીમ કે મીટિંગમાં ભાગ લેતો હોય, તો તે મીટિંગમાં તેના વિશે ટૂંકું પ્રેઝન્ટેશન રજૂ કરે છે. તેમજ જો ટીમને કોઈ વિષય સંપૂર્ણપણે નવો જણાય, તો તે વિષય અંગે ટીમના તમામ સભ્યો સાથે વિગતવાર માહિતીની આપ-લે કરવામાં આવે છે.



શાસન

બોર્ડની બેઠકનું આયોજન કરવામાં આવે તે પહેલાં બેઠકનો કાર્યસૂચિ અને અગાઉની બેઠકની કાર્યવાહી તમામ સભ્યોને આપવામાં આવે છે. શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ૧૧ એપ્રિલ, ૨૦૨૫, ૧૭ ઓગસ્ટ, ૨૦૨૫, ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ અને ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ બોર્ડની બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકોમાં વાર્ષિક પ્રવૃત્તિ અહેવાલ, વાર્ષિક બજેટ, ઓડિટ થયેલ નાણાકીય હિસાબો તથા અન્ય મહત્ત્વના મુદ્દાઓ અંગે ચર્ચા કરી નિર્ણયો લેવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા બોર્ડ રોટેશન નીતિનું પાલન કરવામાં આવે છે.

બોર્ડ મીટીંગ ૨૦૨૫-૨૬

- ૧૧ એપ્રિલ ૨૦૨૫
- ૧૭ ઓગસ્ટ ૨૦૨૫
- ૧૫ જાન્યુઆરી ૨૦૨૬
- ૩૧ માર્ચ ૨૦૨૬

વાર્ષિક સામાન્ય સભા

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની ૪૬મી વાર્ષિક સામાન્ય સભાની બેઠક (વાર્ષિક સાધારણ સભા) તા. ૨૯ જૂન, ૨૦૨૫ના રોજ સંસ્થાની મુખ્ય કચેરી ખાતે યોજવામાં આવી હતી. આ બેઠકમાં ૩૧ માર્ચ, ૨૦૨૫ના રોજ પૂર્ણ થયેલા નાણાકીય વર્ષનો વાર્ષિક ઓડિટ થયેલ નાણાકીય અહેવાલ મંજૂર કરવામાં આવ્યો હતો તેમજ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વૈધાનિક ઓડિટરોની પુનઃનિમણૂક કરવામાં આવી હતી.





પારદર્શિતા જાહેરાતો

- સંસ્થાના કોઈપણ બોર્ડ સભ્યને કોઈપણ પ્રકારનું મહેનતાણું, બેઠક ભથ્થું અથવા અન્ય કોઈપણ સ્વરૂપે વળતર ચૂકવવામાં આવતું નથી.
- અન્ય સત્તાવાર બેઠકોમાં હાજરી આપવા માટે બોર્ડના સભ્યોને મુસાફરી ખર્ચનું વળતર ચૂકવવામાં આવ્યું હતું.
- વર્ષ દરમિયાન એસ.એસ.કે.કે.ના કર્મચારીઓ અને બોર્ડના સભ્યો દ્વારા કરવામાં આવેલી રાષ્ટ્રીય સ્તરની મુસાફરી પાછળ થયેલો કુલ ખર્ચ ₹. ૦.૦૦ હતો.
- વર્ષ દરમિયાન કોઈપણ આંતરરાષ્ટ્રીય મુસાફરી કરવામાં આવી ન હતી.

કાયદાઓનું પાલન

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ અને વિદેશી યોગદાન નિયમન અધિનિયમ, ૧૯૭૬ની તમામ કાયદાકીય જોગવાઈઓ અને આવશ્યકતાઓનું પાલન કરે છે.

તમામ દાતાઓ દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી આવશ્યકતાઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું હતું.

સંસ્થા દ્વારા સઘન ઓડિટ પ્રક્રિયાનું પાલન કરવામાં આવ્યું હતું. નિશ્ચિત મહેનતાણા સાથે વૈધાનિક ઓડિટરની નિમણૂક વાર્ષિક સામાન્ય સભામાં કરવામાં આવી હતી. ઓડિટરનો અહેવાલ અને નાણાકીય હિસાબો વાર્ષિક સામાન્ય સભામાં વિગતવાર રજૂ કરવામાં આવે છે.

AUDIT REPORT & FINANCIAL STATEMENTS

FINANCIAL YEAR 2025 - 26

ABRIDGE INCOME AND EXPENDITURE

EXPENDITURE

Particulars	2025 (*)	2026 ()
Administrative Exp.	6,36,605.55	2,52,590.51
Documentation	0.00	–
Professional Services	0.00	20,100.00
Support Services	0.00	–
Project Expenses	4,86,13,211.00	5,49,00,670.32
Depreciation	51,563.00	1,31,904.00
Net Profit	63,419.38	22,96,036.18
Amount Tra. From Fund	0.00	–
TOTAL	4,93,64,798.93	5,76,01,301.01

INCOME

Particulars	2025 (*)	2026 ()
BY Donation	5,88,529.93	3,52,528.17
By Grant	4,85,59,430.00	5,67,88,762.84
By Interest	1,98,339.00	4,38,950.00
Other Income	18,500.00	21,060.00
Net loss	–	–
TOTAL	4,93,64,798.93	5,76,01,301.01

ABRIDGE BALANCE SHEET

LIABILITIES

Particulars	2025 (3)	2026 (*)
Capital or Trust Fund	3,93,836.00	3,93,836.00
Unsecured Loans	8,34,604.00	4,18,281.00
Currents Liabilities	18,81,490.00	45,23,949.00
Income & Expenditure A/c	7,29,125.10	30,22,206.28
TOTAL	38,39,055.10	83,58,272.28

ASSETS

Particulars	2025 (*)	2026 (*)
Fixed Assets	2,08,853.00	2,99,613.00
Current Assets	15,05,468.90	31,14,067.00
Loans & Adv.	0.00	4,94,697.74
Cash & Bank Balance	21,24,733.20	44,49,894.54
TOTAL	38,39,055.10	83,58,272.28

MINIMUM AND MAXIMUM SALARY IN RUPEES

Details	Yearly (*)
Head of the Organization	0
Highest paid	4,74,233
Lowest Paid	1,68,000

Highest Paid (Yearly)
₹ 4,74,233

Lowest Paid (Yearly)
₹ 1,68,000

Head of the Organization (Yearly)
₹ 0

STAFF REMUNERATION IN RUPEES

Staff salary	Male	Female	Total
Till 5000	0	0	0
5000 to 10000	0	0	0
Above 10000	68	27	95
Unpaid Volunteers	0	0	0

Full time staff – 94

Part time staff- 01

All figures are in Indian Rupees (*)
This is an abridged summary of the financial data for the years 2025 & 2026.

સહયોગ

અમે કોટન કનેક્ટ, બેટર કોટન ઇનિશિયેટિવ, અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન, અમેરિકન ઇન્ડિયા ફાઉન્ડેશન, નાબાર્ડ, રિલાયન્સ ફાઉન્ડેશન, કોટન કનેક્ટ ફાર્મર્સ કમ્યુનિટી ફાઉન્ડેશન, એન.સી.એન.એફ., આઈ.એ.જી., આત્મા, ટાટા ટ્રસ્ટ્સ, કોસ્ટલ સેલિનિટી પ્રિવેન્શન સેલ, સાસાકાવા ઇન્ડિયા લેપ્રસી ફાઉન્ડેશન, સજ્જતા સંઘ, ઓસ્ટ્રેલિયન કોન્સ્યુલેટ જનરલ, પ્રવાહ, પ્રથમ, વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ, યુનાઇટેડ વે મુંબઈ, નેશનલ કોએલિશન ફોર એજ્યુકેશન, અવિરત એગ્રો પ્રોડ્યુસર કંપની લિમિટેડ, સોરઠ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લિમિટેડ, જાફરાબાદ એગ્રીકલ્ચર પ્રોડ્યુસર કંપની લિમિટેડ, જનપથ, ચરખા, ક્રેડિબિલિટી એલાયન્સ, હરિરાજ ચેરિટેબલ ટ્રસ્ટ, ગિવ નાઉ, બેનેવિટી, ડેવલપમેન્ટ સપોર્ટ સેન્ટર, જનવિકાસ, ગોડ પેરેન્ટ્સ, લેટ્ઝ ચેન્જ, ગાઈડ સ્ટાર્સ ઇન્ડિયા, જન સ્વાસ્થ્ય અભિયાન તેમજ સ્થાનિક, જિલ્લા અને રાજ્ય કક્ષાના વિવિધ સરકારી વિભાગો અને સંસ્થાઓ સાથે સહયોગમાં કાર્ય કરીએ છીએ.



દાતાઓનો સહયોગ બદલ આભાર

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રને ભંડોળ પૂરું પાડવા માટે આગળ આવેલ સંસ્થાઓ અને વ્યક્તિગત દાતાઓ પ્રત્યે અમે અમારી ભાવના વ્યક્ત કરીએ છીએ. તમારી સમજ, તમારી ધીરજ અને વિકાસ માટે તમારા સમર્પણની ભાવના ખૂબ પ્રશંસાને પાત્ર છે. તમારો ખુબ ખુબ આભાર.

આભાર..

મુલાકતીઓ

- સિગ્મન્ડ ફ્લોરિયન
- ઉત્પલ ચક્રવર્તી
- રેબેકા ઓવેન
- હરદીપભાઈ દેસાઈ અને હેતલ પટેલ
- શંકર અને સ્મિતા - એઆઈએફ, ટીસીએસઆરડી
- ડીડીએમ, નાબાર્ડ - અમરેલી
- સ્નજેશ ગુપ્તા (સહ-સ્થાપક અને માર્ગદર્શક) - સી-જીઈએમ
- હેતલ પટેલ અને કિરણ પાટીલ
- હેમંત ઠાકરે
- વીણા ઠાકુર
- ઇતિશ્રી, જીઆઈડીઆર
- અંકિતા મલિક, લૈલા સમચેલિયા (ગ્લોબલ) અને મુસ્તાક શેખ

THE BOARD

The Board of SSKK provides strategic direction to the team on innovation. processes and partnerships for the development sector, advises on the core functions and positioning of the foundation, and profiles and champions the fund to relevant audiences.

Name and designation of Executive members on 31st March 2026

No.	Name	Age	Sex	Designation	Competency	Meeting Attended	Relation Between board member (if any)
1	Hardik Vagadia	40	M	President	Finance & administration	3/4	N/A
2	Prof. J M Talavia	55	M	Vice President	Executives and business management	4/4	N/A
3	Pushpa Gohil	57	F	Secretary	Co-ordination	4/4	N/A
4	Bharat Vala	40	M	Joint Secretary	Education & child rights	4/4	N/A
5	Deepa Chauhan	49	F	Member	NRM activities	4/4	N/A
6	Rekhaben Mithapara	63	F	Member	Management	3/4	N/A
7	Mulajibhai Bagada	56	M	Member	Civil Engineer	4/4	N/A
8	Bipinbhai Joshi	71	M	Member	Training	3/4	N/A
9	Narendrabhai Ponkiya	37	M	Member	Agriculture	3/4	N/A

SHIKSHAN ANE SAMAJ KALYAN KENDRA

26, Omnagar–3, Behind GIDC,
Hanumanpara Road, Amreli – 365601 (India)

Phone: 02792-223525

Website: https://sskkamreli.org

Tweeter: https://twitter.com/SSKK_VO

Facebook:https:/www.facebook.com/ShikshanAneSamajKalyanKendra/

linkedin: https://in.linkedin.com/company/sskk

Youtube:
https://www.youtube.com/channel/UC02S8tDDD4pR0mVkcDPSORw/videos?view_as=subscriber

કાર્યક્રમો

1. ટકાઉ કૃષિ
2. પર્યાવરણીય ટકાઉપણું અને આબોહવા સ્થિતિસ્થાપકતા
3. આજીવિકા અને સશક્તિકરણ
4. આરોગ્ય અને સુખાકારી
5. સંશોધન, નીતિ સંવાદ અને જ્ઞાનની વહેંચણી

FIELD OFFICES

1. **IADLE Project**, c/o Ramubhai Jadav, Gangada 362560
2. **ISR Project**, Nr. BAPS Temple, Gondal 360311
3. **JAPCL**, Nr. Kisan Mall,Timbi 362730
4. **AVIRAT**, opp. Kumarshala, Khambha 366550
5. **CSC**, Nr. bus stop, Chital 365620



Together for Sustainable Change